મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૯૨ ટકા

ગાંધીનગર તાપમાન

સે-૨૭માં તસ્કરોનો ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં ઘરફોડ ચોરીના બનાવો વધી રહ્યા છે. ચોર ટોળકી બેફામ બની હોય તેમ લાગી રહ્યું છે. ચોર ટોળકીને પોલીસનો ડર રહ્યો ના હોય તેમ બિન્દાસ દુકાનો તેમજ મકાનોને ટાર્ગેટ કરી રહ્યા છે. ત્યારે સેકટર-૨૭ સ્થિત સોમેશ્વર સોસાયટી ખાતે ગતરોજ મોડી રાત્રે મકાનના નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરે તે પહેલા જ મકાન માલિક જાગી જતા ચોર ઈસમો અંધકારનો લાભ લઈ ભાગી છુટ્યા હતા. જો કે તસ્કરો કોઈ પણ ચીજવસ્તુ લઈ ગયા ન હોવાથી પોલીસ સુધી મામલો પહોચ્યો નથી. પરંતુ સ્થાનિક નાગરીકોને ચોર ટોળકીનો ભય ચોકકસ સતાવી રહ્યો છે.

મળતી માહિતી મુજબ મંગળવારના રોજ સવારના સમયે ચાર વાગ્યાના અરસામાં સેકટર-૨૭ સ્થિત સોમેશ્વર સોસાયટીના એક મકાનના દરવાજાનો નકુચો તોડવામાં આવ્યો હતો. વરસાદને પગલે ઘરમાં સુઈ રહેલા મકાન માલિક અને પરિવારના સભ્યોએ દરવાજો ખખડવાનો અવાજ થતા કોણ છે.. પુછ્યું હતું પરંતુ સામેથી કોઈ જવાબ ન મળતા પરિવારે લાઈટ કરીને બહાર આવીને જોતા નકુચો તુટેલો હતો. બનાવની જાણ સમગ્ર સેકટરમાં થતા વસાહતીઓમાં ભય ફેલાયો છે. જયારે બીજીતરફ સેકટર-૨૬ ખાતે પણ એક બંધ મકાનનું તાળુ તુટ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વસાહતીઓમાં થતી ચર્ચા મુજબ સે-૨૬ ખાતે રહેતો પરિવાર બહારગામ ગયો હતો, ત્યારે તસ્કરો ત્રાટકયા હતા. પાડોશીઓએ બનાવની જાણ ઘર માલિકને કરી છે. ઘર માલિક આવ્યા પછી જાણી શકાય કે ઘરમાંથી કંઈ ચીજવસ્તુઓ અને કેટલી કિંમતની ગઈ છે. ત્યારબાદ પોલીસ ફરીયાદ નોંધાય તેવી શકયતા છે.

આજે ગાંધીનગરમાં

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન વાલના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન કમનીય કલા હિંડોળાના દર્શન યોજાશે.

● ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના અગિયારમા સ્થાપના દિન નિમિત્તે બપોરે ૧ વાગ્યે ઈન્ફોસિટીના ઈન્ફિલબનેટ ઓડિટોરિયમ હોલમાં કાર્યક્રમ યોજાશે.

● કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગર દ્વારા મહાન ગાયક શ્રી મોહમ્મદ રફીની પુણ્યતિથી પ્રસંગે રાત્રે ૮ કલાકે ઉમા સમાજ ભવન, સે-૧૨ ખાતે બાલાજી સૂર સંગમ દ્વારા 'મિલન કે સાથ જુદાઈ' સંગીત સંધ્યા યોજાશે.

આજે સિનિયર સિટિઝન કાઉન્સીલ દ્વારા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

આજે સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરની જુલાઈ માસની માસિક સભા સે-૭ સ્થિત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડીમાં સાંજે ૫ કલાકે યોજાશે.

આ સભામાં જે સભ્યોના સંતાનો બોર્ડની પરીક્ષામાં સારા ગુણાંકે પાસ થાય હોય તેવા સંતાનોનું સન્માન કરવામાં આવશે. ઉપરાંત નગરના વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા નાગરિકોનું પણ સન્માન કરવામાં આવનાર છે. જે નિમિત્તે દરેકને સમયસર ઉપસ્થિત રહેવા માટે સંસ્થા દ્વારા જણાવાયું છે.

ખ-રોડ પરથી ગ-૨ તરફ વળતાં જ મ્હોં ફાડીને ઉભેલી તુટલી ગટર ચેમ્બર...!!

ગાંધીનગર, તા.૩૦

વરસાદના આગમન સાથે જ શહેરમાં હવે વિધિવત ચોમાસાની શરૂઆત થઈ ચુકી છે. આ માહોલમાં શહેરમાં

હજુ પણ કેટલીક ગટર ચેમ્બરની હાલત જોખમી જોવા મળી રહી છે. શહેરના ખ માર્ગ પરથી ગ-૨ તરફ જવા વળવાના કોર્નર પર જ તુટેલી ગટર ચેમ્બર વાહન ચાલકો માટે અત્યંત જોખમી હાલતમાં ઘણા દિવસથી જોવા મળી રહી છે.

ગટર ચેમ્બરનું ઢાંકણ તુટી જવાથી તેના પર ખાડો પડી ગયો છે જેના કારણે ટુ વ્હીલર ચાલકો માટે તો અકસ્માતનું જોખમ મંડરાઈ જ રહ્યું છે પરંતુ ફોર વ્હીલર્સ ચાલકો માટે પણ મુશ્કેલી ઉભી કરી શકે તેમ છે. અગાઉ આ ખાડા પર વાહનચાલકોને ચેતવા કોઈ જાગૃત નાગરિક દ્વારા ઝાડની ડાળી ભરાવવામાં આવી હતી પરંતુ હવે તો એ પણ ત્યાં જોવા મળતી નથી. આ ગટર ચેમ્બર કોઈનો ભોગ લે અથવા કોઈને ઈજાગ્રસ્ત કરે તે પહેલા સત્વરે તેનું રીપેરીંગ કરી દેવામાં આવે તે જરુરી બન્યું છે. કેમ કે વરસાદી માહોલમાં સાંજે કે રાત્રે આ જોખમ નરી આંખે જલ્દી જોવામાં પણ નથી આવતું તેથી કોઈ રાહદારી પણ તેનો ભોગ બની શકે છે.

ફલેટમાં પગરખાનું સ્ટેન્ડ મુકવા અંગે બે પાડોશી વચ્ચે મારામારી

રાયસણ હરીધામ એન્કલેવ ખાતે બનેલો બનાવ, ૭ સામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર તાલુકાના રાયસણ ગામની સીમમાં આવેલ હરીધામ એન્કલેવ ફલેટમાં પગરખાના સ્ટેન્ડ મુકવા જેવી નજીવી બાબતે બે પાડોશી વચ્ચે છુટાહાથની મારામારીની ઘટના બનવા પામી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

ઈન્ફોસીટી પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શીલ્પાબેન નૈમેશકુમાર પટેલ ઉં.વ.૩૯ હરીધામ એન્કલેવ ત્રીજા માળે વસવાટ કરે છે. તેમની સામે પીનાકીનભાઈ પટેલનું ઘર આવેલું છે. શીલ્પાબેન દ્વારા ફલેટના દરવાજા પાસે લોખંડનું સ્ટેન્ડ અને લાકડાનું કબાટ મુક્યું છે. જે પાડોશીની ફલેટની દિવાલે કોમન જગ્યાએ છે. સોમવારના રોજ રાત્રે ૮ વાગે પીનાકીનભાઈ પટલે તેમની પત્ની કૃપાબેન, તેમના મોટાભાઈ અને ભાભી અને બીજા અજાણ્યા ત્રણ શખ્સો ફરીયાદીના ઘરે આવ્યા હતા. ફલેટની સામે સામાન મુકવો નહી કહી બોલાચાલી શરુ કરી હતી. શીલ્પાબેનના આક્ષેપ મુજબ તમામે ભેગા મળીને તેમને અને તેમના પતિને ગડદાપાટુનો માર માર્યો હતો અને તેમના કપડા ફાડી નાંખ્યા હતા. ઝઘડાને પગલે દોડી આવેલા ફલેટના અન્ય પાડોશીઓએ દંપતિને વધુ મારમાંથી બચાવ્યા હતા. મારામારીમાં ફરીયાદીના નાકમાંથી સોનાની ચુની અને તેમના પતિના ગળામાંથી સોનાની ચેઈન કયાંક પડી ગઈ હતી. ઘટનાને પગલે શીલ્પાબેનની ફરિયાદના આધારે ઈન્ફોસીટી પોલીસે પાડોશી પરિવારના ચાર સભ્ય અને ત્રણ અજાણ્યા શખ્સો મળી કુલ ૭ સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર ખાતે પધારેલા પથિક સેના સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ મહાવીરજી પોસવાલ તથા આંતરરાષ્ટ્રીય મંદિર માલાસેરી ડૂગરી દેવનારાયણ ભગવાનના પુજારી હેમરાજજી પોસવાલનું ગાંધીનગર રાજસ્થાન સેવા સમાજના પ્રતિનિધિઓ સર્વ શ્રી તુલસીભાઈ માલી, મફાજી પ્રજાપતિ, જગદાનજી ગઢવી, માંગીલાલ ગુર્જર તથા ચુનીલાલ ચાંદનાએ સ્વાગત કરી મુલાકાત કરી હતી.

સેકટર-૧૪ સરદાર પટેલ કોલોનીમાંથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં વાહનચોર બેફામ બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાંથી આંતરે દિવસે વાહનચોરીને અંજામ આપે છે. ઘર પાસે પાર્ક કરેલ ટુ-વ્હીલર રાત્રીના સમયે ચોર ઈસમો ઉઠાંતરી કરી જાય છે. સેકટર-૧૪ સરદાર પટેલ કોલોનીમાંથી એકટીવાની ચોરીનો બનાવ બનવા પામ્યો છે. સરદાર પટેલ કોલોની ખાતે રહેતા ભાવનાબેન ઉમેશભાઈ પટેલ (ઉં.વ.૩૫) સેકટર-૨૮ જીઆઈડીસીમાં ગ્લાસ ડિઝાઈનર તરીકે ફરજ બજાવે છે.નોકરી માટે આવન-જાવન માટે માટે તેઓ જી.જે.૧૮.સી.સી.-૭૬૩૦ નંબરનું એકટીવાનો ઉપયોગ કરતા હતા. ગત તા.૨૪ જુલાઈના રોજ સાંજે ઘર પાસે એકટીવા પાર્ક કરીને તેઓ સુઈ ગયા હતા. બીજા દિવસે સવારે તેઓ નિત્યકમ મુજબ ઓફિસે જવા માટે નીકળ્યા હતા. ત્યારે જોયું તો એકટીવા ગાયબ હતું, થોડા દિવસ શોધખોળ અને રાહ જોયા પછી એકટીવા ના મળતા આખરે તેમણે બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથખે ફરીયાદ નોંધાવી છે.

કડી સ્કુલની વિદ્યાર્થીની કિવોન્ડો અંડર-૧૯માં જિલ્લા કક્ષાએ પ્રથમ

ગાંધીનગર, તા.૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. પટેલ કન્યા શાળા દ્વારા અંડર-૧૯

બહેનોની કિવોન્ડો સ્પર્ધા સે-૧૫ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે યોજાઈ હતી. જેમાં ધો-૧૧-એમાં અભ્યાસ કરતી નિશા આર. રાઠોડ જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી રાજય કક્ષાએ પસંદગી પામી છે. આ વિદ્યાર્થીનીને શાળાના શિક્ષિકા ઉર્વશીબેન આર. જોષીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી હતી. વિજેતા ખેલાડી તથા શિક્ષિકાને શાળા પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવે છે.

આખરે જેમ તેમ કરીને પણ શહેરમાં ચોમાસું બેઠું ખરું...! આમ તો જેવી વરસાદી રમઝટ જામે એટલે બધાને દાળવડાં અને ભજીયા યાદ આવે. આ સિવાય પણ છેલ્લા કેટલાક વર્ષોથી વાદળછાયા વરસાદી વાતાવરણમાં 'મકાઈ' ખાવાનો ટ્રેન્ડ ખૂબ વધ્યો છે અને અમેરિકન મકાઈમાં અનેક પ્રકારની ફલેવર્સ પણ હવે ઉપલબ્ધ થઈ રહી છે. ખાસ કરીને એકાદ મોટું ઝાપટું પડી જાય તે પછી હાઈવે તથા એરપોર્ટ રોડ જેવા માર્ગો પર 'મકાઈ'ની લારીઓ હારબંધ ગોઠવાઈ જાય છે. ભલે ચીઝ મકાઈથી માંડીને ચાઈનીઝ ફલેવર્સ આવી ગઈ હોય પરંતુ મસ્ત મસ્ત ઠંડી મૌસમમાં મીઠું-મરચું તેમજ લીંબુ લગાડેલી બાફેલી મકાઈ ખાવાની મજા જ કંઈક ઔર છે.... વિચાર કરતા પણ મોંમા પાણી આવી જાય તેવી આ ટેસ્ટી મકાઈનો અલ્લડ યુવતી ટેસ્ટ માણી રહી છે.

અશ્વિનભાઈ કોમર્સ કોલેજની ૧૫૦ વિદ્યાર્થીનીઓ સાથે દેવયાની વર્માની 'જોશ ટોકસ' યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની સે-૨૩ ખાતેની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે તાજેતરમાં વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત મહિલા જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓને 'જોશ ટોકસ' અને 'વિવેલ આઈટીસી' પ્રોગ્રામના જાણીતા દેવયાની વર્માએ ખૂબ જ ઉપયોગી એવી કાયદાકીય માહિતીની ટીપ્સ આપી હતી.

સેમિનારમાં દેવયાની વર્માએ કાયદાકીય માહિતી સાથે સાયબર કાઈમ અને જાતિ અસમાનતા અંગે પણ વિદ્યાર્થીનીઓ સાથે ઉપયોગી વાર્તાલાપ કર્યો હતો. ખીમજી વિશરામ હોલ ખાતે યોજાયેલ સેમિનારનું સંચાલન ડૉ. નીના ગણેશન તથા અધ્યાપક-વિરાજ રાઠોડ દ્વારા આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રથમ અને દ્વિતિય વર્ષની વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

સચિવાલય ખાતે રકતદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૩૦

માર્ગ અને મકાન વિભાગ સચિવાલય દ્વારા ૨જી ઓગષ્ટના રોજ સવારે ૧૦ થી ૫ બ્લોક નં. ૧૪, ભોંયતળિયે, નવા સચિવાલય ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાસ રાજયના માનનીય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહેશે. રકતદાતાઓને બિરદાવવા માટે આયોજકો તરફથી સ્મૃતિ ચિહ્ન રૂપે આકર્ષક ગિફટ આપવામાં આવશે.

રેડકોસ અમદાવાદ જિલ્લા શાખાના સહયોગથી યોજાતા આ કેમ્પમાં સચિવાલયના તમામ વિભાગના સર્વે અધિકારીઓ, કર્મચારીઓ તેમના કુટુંબીજન તથા તમામ નગરજનોને ભાગ લેવા સચિવાલયના માર્ગ અને મકાન વિભાગ પરિવાર દ્વારા જણાવાયું છે.

બા શ્રી દશરથબા મહેન્દ્રસિંહ પરમાર રાજપૂત આઇએએસ કરિયર એકેડેમી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

બાશ્રી દશરથબા મહેન્દ્રસિંહ પરમાર રાજપૂત આઈએએસ કરિયર એકેડેમી અને ડૉ.સી.જે ચાવડા હોસ્ટેલ લેકાવાડા ખાતે ડૉ.સી.જે.ચાવડા, અધિક કલેકટર હનુમંતસિંહજી જાડેજા, પ્રમુખ રમજુભા જાડેજા, પૂર્વ પ્રમુખ/ટ્રસ્ટી રણજીતસિંહ કોટડા નાયાણી, એકેડેમીના નિયામક અશોકસિંહજી પરમાર, ટ્રસ્ટી જે.એલ.રાણા, કાર્યકારી પ્રમુખ મહેન્દ્રસિંહજી ભણગોર, ટ્રસ્ટી દિપકસિંહજી ખંભલાવ, કાર્યાલયમંત્રી જસવંતસિંહજી ગોહિલ, એકેડમીના રેકટર સહદેવસિંહજી ધ્રાફા,ખજાનચી ઇતેન્દ્રસિંહજી સમલા, SRP ના ઉત્સાહી કાર્યકરો અને તાલીમાર્થીઓની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રોપાની વ્યવસ્થા દિપકસિંહજી ખંભલાવ દ્વારા કરવામાં આવી હતી તેમ કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર દ્વારા ઋષિવંશી સમાજ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજના સહયોગથી બલરામ ભવન ખાતે રકતદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પનો મુખ્ય હેતુ સિવિલ હોસ્પિટલના ગરીબ દર્દીને પડતી લોહીની અછતની સમસ્યાને નિવારવાનો હતો કેમ્પમાં નગરના રકતદાતાની સહાય દ્વારા કુલ ૪૪ બોટલ એકત્રિત થઈ હતી. કેમ્પમાં ભોજનની વ્યવસ્થા હેમરાજભાઈ પાડલિયા દ્વારા કરવામાં આવી અને લોહી લેવાની સેવા જિલ્લા રેડક્રોસના અશ્વિન દવે, લક્ષ્મણ કંસારા, મગનભાઈ કાકડીયા દ્વારા પુરી પાડવામાં આવી હતી. રકતદાતાને જિલ્લા રેડક્રોસ તરફથી બેગ, કેપ અને ડાયરી આપવામાં આવી હતી.

મુવી હાઉસ

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

● **જજમેન્ટલ હૈ કયા**
૯.૪૫, ૧૨,૪૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫

● **અર્જુન પટિયાલા**
૯.૧૫, ૫.૦૦, ૧૦.૦૦

● **ધૂનકી (ગુજરાતી)**
સાંજે ૬.૧૫ કલાકે

● **ડીયર કોમરેડ (તેલુગુ)**
સાંજે ૭.૨૦ કલાકે

● **ધ લાયન કિંગ**
(૨-ડી હિન્દી) સવારે ૧૧.૫૦ કલાકે અને (૩-ડી હિન્દી) ૯.૩૦, ૨.૪૫, ૫.૨૦, ૭.૫૫, ૧૦.૩૦

● **ચાસની** (ગુજરાતી)
બપોરે ૨.૧૫ કલાકે

● **સુપર-૩૦**
૯.૨૦, ૧૨.૨૫, ૩.૧૦, ૬.૫૫, ૯.૦૦, ૧૦.૦૦

● **સ્પાઈડર મેન ફાર ફોર્મ હોમ** (૩ડી હિન્દી) બપોરે ૧૨.૧૫ કલાકે

● **આર્ટીકલ ૧૫**
સવારે ૧૧.૩૫ કલાકે

● **કબીરસિંહ**
૯.૧૫, ૩.૩૦

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

● **જજમેન્ટલ હૈ કયા**
૯.૨૫, ૧૦.૨૫, ૧૧.૫૫, ૨.૩૦, ૩.૫૦, ૫.૦૫, ૭.૪૦ ૯.૧૫, ૧૦.૧૫

● **અર્જુન પટિયાલા**
૧૦.૨૦, ૧૨.૪૫, ૪.૩૫, ૧૦.૨૫

● **ધૂનકી (ગુજરાતી)**
સાંજે ૬.૨૫ કલાકે

● **ડીયર કોમરેડ (તેલુગુ)**
સાંજે ૭.૦૦ કલાકે

● **ધ લાયન કિંગ**
(૩-ડી હિન્દી) ૯.૧૫, ૧૧.૪૫, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦

● **ચાસની** (ગુજરાતી)
બપોરે ૧.૦૦ કલાકે

● **સુપર-૩૦**
૧૦.૧૫, ૧.૨૫, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦

અરવિંદ કેન્દ્ર ખાતે રવિવારે ડાયાબીટીસ અને બ્લડપ્રેશર પર ફ્રી સેમિનાર

નીમા ફાઉન્ડેશન અને શ્રી અરવિંદ કેન્દ્ર ગાંધીનગરના સંયુકત ઉપકમે ફ્રી સેમિનાર ડાયાબીટીસ-બ્લડપ્રેશર, કોલેસ્ટ્રોલ બાબતોની જાગૃતિ તથા પાયાની માહિતી અંગેનો વાર્તાલાપ તા. ૪થી ઓગષ્ટ રવિવારે સાંજે પાંચ કલાકે શ્રી અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે યોજાશે.

માર્ગદર્શન હોલીસ્ટીક હીલર અને નીમા ફાઉન્ડેશનના ચેરમેન નટુભાઈ પટેલ આપશે. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી ૭૦૪૬૪૦૨૯૨૩૫૨ પર સંપર્ક કરી રજિસ્ટ્રેશન ફ્રી કરાવી લેવા જણાવાયું છે.

અખિલ ભારતીય સા.સ્વા.સંઘ અને જલારામ મહિલા મંડળ દ્વારા ડાકોર પ્રવાસ યોજાયો હતો. જેમાં શહેરની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની આવતીકાલે બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની માહે ઓગસ્ટ માસની કાર્યવાહક સમિતિની બેઠક તા. ૧લી ઓગષ્ટના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ચાર કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજા માળે સે-૨૨માં યોજાશે તેમ પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

સરકારી વિનિયન કોલેજ, ગાંધીનગરના સંસ્કૃત વિભાગના અધ્યાપક ગીતાબા ચાવડા દ્વારા પેથાપુર ગામમાં બાળકોમાં સંસ્કૃત, સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી "બાલસંસ્કૃત" નામે સંસ્કૃત બાલ કેન્દ્ર શરૂ કરવામાં આવેલું છે. જેમાં સરકારી વિનયન કોલેજના પ્રાધ્યાપક ગીતાબા ચાવડા દ્વારા નાના બાળકોમાં સંસ્કૃત વિષય પ્રત્યે અભિરૂચી જાગે તે રીતે સંસ્કૃતના પાઠ ભણાવવામાં આવે છે. જે સમાજ ઉપયોગી અને સરાહનીય પગલું છે. જેને કોલેજ પરિવાર દ્વારા બિરદાવવામાં આવેલ છે.

ચિરવિદાય

- સ્વ. નિતિનકુમાર જસુભાઈ સોલંકી, ઉ.વ. ૩૮
- સ્વ. જીવીબેન કરશનભાઈ બજાણીયા, ઉ.વ. ૫૭
- સ્વ. રમેશભાઈ વાલજીભાઈ પુરબીયા, ઉ.વ. ૫૨